# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૬૮-A તા.૧૪-૦૯-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- પ્લાસ્ટિક પ્રદુષણને લોક જાગૃતિ દ્વારા નિયંત્રણમાં લાવવા બાબત.
સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧/૧૦૩૩૩-૪૨૦ તા.૧૪-૦૯-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત પ્લાસ્ટિકના પ્રદુષણને નિયંત્રણમાં લાવવા શાળાકક્ષાએ ધોરણ ૬ થી ૮ના રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધાનું આયોજન આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ સૂચના તથા માર્ગદર્શન આધારે કરવા જણાવવામાં આવે છે.

- નિબંધ ૨૫૦ શબ્દોમાં લખવાનો રહેશે.
- નિબંધ સ્પર્ધાનો વિષય :- ''પ્લાસ્ટિક મુકત ભારત''
- નિબંધ ફુલ સ્કેપ પાનામાં એક જ બાજૂએ લખવાનો રહેશે.
- કાગળ શાળાએ આપવાના રહેશે.

સદરહુ સ્પર્ધાનો અહેવાલ દિન-૧માં જે તે ઝોનના મદદનીશ શાસનાધિકરીશ્રીને મોકલી આપવાનો રહેશે અને મદદનીશ શાસનાધિકારીશ્રીએ આ એકત્રિત કરેલ અહેવાલને મુખ્ય ઓફિસને દિન-૨માં સોફટ તેમજ હાર્ડકોપીમાં મોકલી આપવાનો રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૪-૦૯-૨૦૨૧

ડૉ.અશ્વિનકુમાર ડી.ત્રિવેદી
ઈ.શાસનાધિકારી

ક્રમાંક:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧/10333-420
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં- ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર. તા. ૧૪/૦૯/૨૦૨૧

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ-** પ્લાસ્ટિક પ્રદૂષણને લોક જાગૃતિ દ્વારા નિયંત્રણમાં લાવવા બાબત

**સંદર્ભઃ-** (૧) શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંકઃ પરચ/૧૨૨૦૨૦/૩૩૬/વ.૨ તા. ૦૩/૦૯/૨૦૨૧
(૨) સ્વચ્છ ભારત મિશન અર્બન- ગુજરાત, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ- સભમ/૧૦૨૦૨૧/૧૦૧૪/SBM/૮૦૫ તા. ૧૨/૦૮/૨૦૨૧

ઉપર્યુકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુ કે, સ્વચ્છ ભારત મિશન અર્બન- ગુજરાત, ગાંધીનગરના તા. ૧૨/૦૮/૨૦૨૧ ના પત્ર અન્વયે ભારત સરકારશ્રીના પર્યાવરણ જળવાયુ મંત્રાલયના તા.૦૪/૦૮/૨૦૨૧ ના પત્રથી માન. પ્રધાનમંત્રીશ્રી સાથે થયેલ પ્રગતિની બેઠકમાં સિંગલ યુઝ પ્લાસ્ટીકના પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે ભારત સરકારે જુદા જુદા ક્ષેત્રોમાં કામગીરી કરવા માટે જણાવેલ છે. જે અન્વયે પ્લાસ્ટીકના પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે શાળા કક્ષાએ નિબંધ સ્પર્ધા યોજવા માટે જણાવેલ છે. સ્વચ્છ ભારત મિશન અર્બન- ગુજરાતના તા. ૦૫/૦૭/૨૦૨૧ ના પરિપત્ર અન્વયે સ્પેશિયલ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલ છે. પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ નિયમ ૨૦૧૬ ના અસરકારક અમલીકરણ માટે સિંગલ યુઝ પ્લાસ્ટીક વસ્તુના ઉપયોગને ટાળવા બાબતે લોક જાગૃતિ લાવવા, પ્લાસ્ટીક પ્રદૂષણના નિવારણ માટે જુદા જુદા એકમો મારફતે રાજયવ્યાપી જાહેર કાર્યક્રમો હાથ ધરવા જણાવેલ છે. ઉકત સંદર્ભીત પત્રોને ધ્યાને લઇ આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓમાં સીંગલ યુઝ પ્લાસ્ટીક પ્રદૂષણના નિયંત્રણ બાબતે **નિબંધ સ્પર્ધાનું તથા અન્ય કાર્યક્રમોનું આયોજન કરવા** જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે. તે અંગેનો અહેવાલ આપની કક્ષાએથી જ અત્રેની કચેરીના ઇમેઇલ sankalan.dpe.guj@gmail.com પર દિન- ૨ માં મોકલી આપવા જણાવવામાં આવે છે.

વધુમાં, શાળાઓ દ્વારા સદર અહેવાલ અત્રે મળે તે યોગ્ય નથી જેથી આપની કક્ષાએથી જ અહેવાલ મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

**નકલ સવિનય રવાના જાણ સારૂ . .**
- શ્રી બી.વી.રાઠવા, ઉપ સચિવશ્રી, વ.૨-શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Scanned by CamScanner

ક્રમાંક:પરચ/૧૨૨૦૨૦/૩૩૬/વ.૨
શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૦૩/૦૯/૨૦૨૧

- 4 SEP 2021

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં-૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૨) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

(૩) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭ ગાંધીનગર

વિષય : પ્લાસ્ટિક પ્રદૂષણને લોક જાગૃતિ દ્વારા નિયંત્રણમાં લાવવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે સ્વચ્છ ભારત મિશન અર્બન- ગુજરાત, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડની કચેરી, બોર્ડ નિગમ, ગાંધીનગરના તા.૧૨/૦૮/૨૦૨૧ના પત્રક્રમાંક: સભમ/૧૦૨૦૨૧/૧૦૧૪/SBM/૮૦૫ની નકલ બિડાણ સહિત આ સાથે સામેલ રાખી મોકલી આપતા જણાવવાનું કે, પ્લાસ્ટિક પ્રદૂષણને લોક જાગૃતિ દ્વારા નિયંત્રણમાં લાવવા આપની કચેરી હસ્તકની સરકારી માધ્યમિક, પ્રાથમિક તેમજ ખાનગી શાળાઓમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકના નિયંત્રણ બાબતે નિબંધ સ્પર્ધાનું તથા અન્ય કાર્યક્રમોનું આયોજન કરી તે અંગેનો અહેવાલ દિન-૨ માં અત્રે મોકલી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

બિડાણ:- ઉપર મુજબ

(બી.વી.રાઠવા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

Scanned by CamScanner

# સ્વચ્છ ભારત મિશન અર્બન- ગુજરાત

ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડની કચેરી, બોર્ડ નિગમ વિસ્તાર, સેક્ટર ૧૦- એ, ગાંધીનગર.

E-mail:- sbmu.gujarat@gmail.com


નં. સભમ/૧૦૨૦૨૧/૧૦૧૪/SBM/૮૦૫ તા.૧૨/૦૮/૨૦૨૧

પ્રતિ,

સચિવશ્રી,

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

**વિષય- પ્લાસ્ટીક પ્રદુષણને લોક જાગૃતિ દ્વારા નિયંત્રણમા લાવવા બાબત.**

માનનીય,

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, ભારત સરકારના પર્યાવરણ જળવાયુ મંત્રાલયના તા. ૦૪-૦૮-૨૦૨૧ ના પત્ર અન્વયે માન. પ્રધાનમંત્રી સાથે થયેલ પ્રગતિની બેઠકમાં સિંગલ યુઝ પ્લાસ્ટીકના પ્રદુષણને નિયંત્રણમાં લાવવા માટે ભારત સરકારે જુદા જુદા ક્ષેત્રોમાં કામગીરી માટે જણાવેલ છે.

ભારત સરકારના તા. ૦૪-૦૮-૨૦૨૧ ના D.O NO. 17/6/2021-HSDM થી પ્લાસ્ટીકના પ્રદુષણને નિયંત્રણમાં લાવવા માટે શાળા અને કોલેજ કક્ષાએ નિબંધ સ્પર્ધા યોજવા માટે જણાવેલ છે. આ કચેરીના તા.૦૫/૦૭/૨૦૨૧ના પરિપત્ર થી માન.મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને સ્પેશિયલ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલ છે. સ્પેસીયલ ટાસ્ક ફોર્સના ટર્મ્સ ઓફ રેફરન્સમાં મુખ્યત્વે પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ નિયમ ૨૦૧૬ ના અસરકારક અમલીકરણ માટે અને આ નિયમોમાં પ્રતિબંધ કરેલ સિંગલ યુઝ પ્લાસ્ટીક વસ્તુને ઓળખી તેનો ઓછામાં ઓછો ઉપયોગ કરવા બાબતે લોક જાગૃતિ લાવવા, પ્લાસ્ટીક પ્રદુષણના નિવારણ માટે Educational, Institutions, NCC, NSS, Scouts, youth club, Eco club, Opinion makers, and voluntary organization મારફતે રાજ્યવાપી જાહેર કાર્યક્રમો હાથ ધરવા ના રહે છે.

ઉક્ત વિગતોએ ભારત સકારના તા.૦૪/૦૮/૨૦૨૧ના પત્રને ધ્યાને લઇ આપના વિભાગ તળે આવેલ માધ્યમિક, પ્રાથમિક સરકારી તેમજ ખાનગી શાળાઓમાં સિંગલ યુઝ પ્લાસ્ટીકના નિયંત્રણ બાબતે નિબંધ સ્પર્ધાનું તથા અન્ય કાર્યક્રમોનુ આયોજન કરી અને તે અંગેનો અહેવાલ અત્રે મોકલી આપવા વિનંતી છે.

ઉપરોક્ત બાબતે ટુંક સમયમાં માન. મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને STF (સ્પેસીયલ ટાસ્ક ફોર્સ) ની પ્રથમ બેઠક મળનાર છે. આ બેઠકમાં આ મુદ્દાઓને અગ્રતા આપવામાં આવેલ છે. આથી આપના વિભાગનો એક્શન પ્લાન તૈયાર કરી તે મુજબ સ્પર્ધાનું આયોજન કરી તેનો અહેવાલ અગ્રતાના ધોરણે મોકલી આપવા વિનંતી.છે.

આપનો વિશ્વાસુ,

મિશન ડાયરેક્ટર

સ્વચ્છ ભારત મિશન, અર્બન

બીડાણ: ઉપર મુજબ

335/વ.૨.
03/09/2021

નં. :........................
શાખા........................
31 AUG 2021
3919 19
શિક્ષણ વિભાગ
નવા સચિવાલય, ગાંધીનગર

Scanned by CamScanner

પ્લાસ્ટિક પ્રદુષણને નિયંત્રણમાં રાખવા અને લોક જાગૃતિ લાવવા માનનીય મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને સ્પેશીયલ ટાસ્ક ફોર્સની રચના કરવા બાબત.

સ્વચ્છ ભારત મિશન- ગુજરાત
પરિપત્ર ક્રમાંક:સભમ/૧૦૨૦૨૧/૧૦૧૪/SBM Cell
ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડની કચેરી,
બોર્ડ નિગમ વિસ્તાર, સેક્ટર-૧૦ એ,
ગાંધીનગર.
તા.૦૫/૦૭/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) સંયુક્ત સચિવશ્રી, પર્યાવરણ, વન અને ક્લાઇમેટ ચેન્જ વિભાગ, ભારત સરકારનો અર્ધ સરકારી પત્ર ક્રમાંક:17/6/2021-HSMD, તા.૧૩/૦૪/૨૦૨૧

(૨) સંયુક્ત સચિવશ્રી, પર્યાવરણ, વન અને ક્લાઇમેટ ચેન્જ વિભાગ, ભારત સરકારનો તા.૧૬/૦૪/૨૦૨૧નો ઓફીસ મેમોરેન્ડમ

પરિપત્ર:

ઉપર વંચાણે લીધેલ સંયુક્ત સચિવશ્રી, પર્યાવરણ, વન અને ક્લાઇમેટ ચેન્જ વિભાગ, ભારત સરકારનાં ક્રમ (૧) અને (૨)ના પત્રોથી સિંગલ યુઝ પ્લાસ્ટિક વસ્તુઓના કારણે થતા પ્રદૂષણને ઓછું કરવા માટે, તથા આઈડેન્ટિફાઇડ સિંગલ યુઝ પ્લાસ્ટિક આઈટમ્સ પર તબકાવાર સમયપત્રકને અનુસરીને પ્રતિબંધ મૂકવા માટે ૧૧મી માર્ચ ૨૦૨૧ના રોજ પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નિયમોમાં સુધારો કરવા માટે ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડેલ છે.

૨૪મી ફેબ્રુઆરી ૨૦૨૧ ના રોજ યોજાયેલ PRAGATI બેઠક દરમિયાન માનનીય વડાપ્રધાનશ્રીએ મિશન મોડમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકને નાબૂદ કરવાનાં પગલાં લેવા મુખ્યસચિવશ્રીની અધ્યક્ષતામાં સ્પેશીયલ ટાસ્ક ફોર્સની રચના કરવા જણાવ્યું હતું. પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૧૬ અને સુધારા મુજબની જોગવાઈઓના અમલીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરીને કોમ્પ્રિહેન્સિવ એકશન પ્લાન તૈયાર કરવા તેમજ આ મુદ્દે લોકોની વિશાળ જનભાગીદારીથી મજબૂત જન ચળવળ સ્પેશીયલ ટાસ્ક ફોર્સ દ્વારા કરવા જણાવેલ.

પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નિયમો-૨૦૧૬ની જોગવાઇ મુજબ સીંગલ યુઝ પ્લાસ્ટિક બાબતે કોમ્પ્રિહેન્સિવ એકશન પ્લાન તૈયાર કરવા (૨) પ્લાસ્ટિક પ્રદુષણને નિયંત્રણમાં રાખવા બાબતે જનભાગીદારીથી બહોળા સમુદાયમાં જનજાગૃત્તિ લાવવાની કામગીરી કરવા માટે રાજ્ય કક્ષાએ માનનીય મુખ્યસચિવશ્રીના અધ્યક્ષ સ્થાને નીચે મુજબની સ્પેશિયલ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવે છે.

Scanned by CamScanner

| ક્રમ | અધ્યક્ષશ્રી/ સભ્યશ્રીઓની વિગતો | સ્પેશિયલ ટાસ્ક ફોર્સમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | મુખ્ય સચિવશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨ | અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | સભ્યશ્રી |
| ૩ | અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | સભ્યશ્રી |
| ૪ | અધિક મુખ્ય સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ | સભ્યશ્રી |
| ૫ | અધિક મુખ્ય સચિવશ્રી, રમત અને યુવા બાબતોનો વિભાગ | સભ્યશ્રી |
| ૬ | અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ | સભ્યશ્રી |
| ૭ | અગ્ર સચિવશ્રી, (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ) | સભ્યશ્રી |
| ૮ | સચિવશ્રી, સાયન્સ અને ટેકનોલોજી | સભ્યશ્રી |
| ૯ | સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ) | સભ્યશ્રી |
| ૧૦ | મિશન ડાયરેકટરશ્રી, સ્વચ્છ ભારત મિશન-અર્બન | સભ્ય સચિવશ્રી |
| ૧૧ | સ્પેશીયલ કમિશ્નરશ્રી, સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ | સભ્યશ્રી |
| ૧૨ | મેમ્બર સેક્રેટરીશ્રી, ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ | સભ્યશ્રી |

સ્પેશિયલ ટાસ્ક ફોર્સનાં ટર્મ્સ ઓફ રેફરન્સમાં મુખ્યત્વે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નિયમ-૨૦૧૬ના અસરકારક અમલીકરણ માટે અને આ નિયમોમાં બાન કરેલ સિંગલ યુઝ પ્લાસ્ટિક વસ્તુને ઓળખી તેનો ઓછામાં ઓછો ઉપયોગ કરવા બાબતે જાગૃતિ લાવવા, પ્લાસ્ટિક પ્રદુષણના નિવારણ માટે Educational Institutions, NCC, NSS, Scouts, Youth Club, Eco Club, Opinion Makers and Voluntary Organization ને સાથે રાખી અને રાજ્યવ્યાપી જાહેર કાર્યક્રમો હાથ ધરવા માટે માર્ગદર્શન આપશે.

સ્પેશિયલ ટાસ્ક ફોર્સએ મિશન મોડમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકને નાબૂદ કરવાનાં પગલાં લેવા બાબતે કોમ્પ્રિહેન્સિવ એક્શન પ્લાન તૈયાર કરવાનો રહેશે.

સ્પેશિયલ ટાસ્ક ફોર્સ IEC પ્રવૃતિ દ્વારા પ્લાસ્ટિક પ્રદુષણને નિયંત્રણમાં રાખવા બાબતે જનભાગીદારીથી બહોળા સમુદાયમાં જનજાગૃતી લાવવાની કામગીરી કરશે.

આ સ્પેશિયલ ટાસ્ક ફોર્સની નોડલ એજન્સી શહેરી વિસ્તાર માટે સ્વચ્છ ભારત મિશન-અર્બન અને ગ્રામીણ વિસ્તાર માટે સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ રહેશે.

આ સ્પેશિયલ ટાસ્ક ફોર્સની બેઠક દર બે માસે એકવાર મળશે.

સભ્ય સચિવ
સ્પેશિયલ ટાસ્ક ફોર્સ અને
મિશન ડાયરેકટર
સ્વચ્છ ભારત મિશન-અર્બન, ગુજરાત

Scanned by CamScanner

નકલ સવિનય રવાના :

- મુખ્ય સચિવશ્રીનાં અંગત સચિવશ્રી, માન.મુખ્ય સચિવશ્રીનાં ધ્યાને મુકવા સારૂ.
- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
- અધિક મુખ્ય સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ,
- અધિક મુખ્ય સચિવશ્રી, રમત અને યુવા બાબતોનો વિભાગ,
- અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ,
- અગ્ર સચિવશ્રી, (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ),
- સચિવશ્રી, સાયન્સ અને ટેકનોલોજી
- સચિવશ્રી, (હા. અને નિ.ગુ.) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
- સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ),
- ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી,
- કમિશ્નરશ્રી, મ્યુનીસીપાલીટી એડમીનીસ્ટ્રેશન,
- સર્વે કલેક્ટરશ્રી, તમામ જિલ્લા,
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ જિલ્લા,
- સ્પેશીયલ કમિશ્નરશ્રી, સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ,
- પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓ તમામ ઝોન,
- નાયબ સચિવશ્રી (હાઉસીંગ), શહેરી વિકાસ વિભાગ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
- સચિવાલયના તમામ વિભાગો,
- મેમ્બર સેક્રેટરીશ્રી, ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ,
- ચિફ ઓફીસરશ્રી, તમામ નગરપાલિકાઓ,
- સિલેક્ટ ફાઇલ.

Scanned by CamScanner

नरेश पाल गंगवार, आई.ए.एस
Naresh Pal Gangwar, IAS

संयुक्त सचिव
भारत सरकार
पर्यावरण, वन एवं जलवायु परिवर्तन मंत्रालय
JOINT SECRETARY
GOVERNMENT OF INDIA
MINISTRY OF ENVIRONMENT, FOREST AND CLIMATE CHANGE

सत्यमेव जयते

DO No. 17/6/2021- HSMD
Date: 4th August, 2021

Dear Sir,

India has committed to phase out identified single-use plastics (SUP) by 2022. Hon'ble Prime Minister reviewed the issue of the elimination of single use plastics in the PRAGATI meeting held on February 24, 2021. In this regard, Hon'ble Minister of Environment, Forest and Climate Change, Government of India and Secretary, Ministry of Environment, Forest and Climate Change has written DO letters to Hon'ble Chief Minister/ LG and Chief Secretary/ Administrators respectively for constituting a Special Task Force under the Chairmanship of Chief Secretary/ Administrator for preparing a comprehensive action plan for elimination of single use plastics and implementation of Plastic Waste Management Rules, 2016 and implementing it in mission mode.

Separately, vide Office Memorandum dated 16th April, 2021 and 8th July, 2021, indicative composition of the Special Task Force and its Terms of Reference and an indicative thematic area-wise template for the development of comprehensive action plan, were shared by this Ministry with all States and UTs. Vide DO letter dated 18th June 2021, in line with the direction of PMO, States/UTs were also requested to organize an essay writing competition for school students in order to enhance outreach and create awareness on the issue of elimination of single use plastics.

The next meeting of the Monitoring Group in the PMO is scheduled on 17th August 2021 for reviewing the progress made since the PRAGATI meeting. Accordingly, it is requested that the status on the formation of Special Task Force and the formulation of comprehensive action plan may be shared. The progress made with respect to organization of the essay writing competition for school students may also be provided. It is requested that the status of action taken may be provided by 10 August, 2021 in the enclosed proforma.

With regards,

Yours sincerely

(Naresh Pal Gangwar)

MP. SBM

To,

Shri Anil Gopishankar Mukim
Chief Secretary,
Government of Gujarat,
New Sachivalaya,
Gandhingar-382010

Inward SBM
No.: 2014
Date: 10.08.21

340
6/8/2021

जल विंग, तीसरा तल, कमरा नं. 305, इंदिरा पर्यावरण भवन, जोर बाग रोड, नई दिल्ली–110003, फोन: (011) 24695340
Jal Wing, 3rd Floor, Room No. 305, Indira Paryavaran Bhawan, Jor Bagh Road, New Delhi-110003, Tel.: (011) 24695340
E-mail: jsnpg.mefcc@gov.in

Scanned by CamScanner

## ACTION TAKEN REPORT

| S. No. | Activity | Action taken / Status |
|---|---|---|
| 1 | Constitution of Special Task Force (STF) under chairpersonship of Chief Secretary and meeting of STF | |
| 2 | Preparation of Comprehensive Action Plan | |
| 3 | Organization of Essay Writing Competition for school students | |

Scanned by CamScanner